ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૯-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### ગ્રેટ બ્રિટનની બાંધી મૂઠી લાખની

ઇંગ્લેન્ડ જેવા ટચૂકડા દેશનું સામ્રજય ક્યારેક એટલું બધું વિસ્તર્યું હતું કે એના સામ્રાજ્યમાં સૂરજ ક્યારેય આથમતો જ ન હતો. ગઇ સદીના મધ્ય ભાગ સુધીમાં આ સામ્રાજ્ય નામશેષ થઇ ગયું છતાં દુનિયા પર એક છત્ર રાજ કરનારી પ્રજા તરીકે અંગ્રેજોની નામના ઇતિહાસનાં પાના પર અંકિત થઇ ચૂકી છે. આજનું સર્વસત્તાધીશ અમેરિકા, વિશાળ કેનેડા, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા સહિત અનેક દેશોમાં મૂળ બ્રિટીશ ગોત્રની પ્રજા વસવાટ કરતી રહી છે અને રાજ પણ કરતી રહી છે. પરંતુ સમયના સથવારે બ્રિટન ગ્રેટ બ્રિટન અને યુનાઇટેડ કિંગ્ડમ (યુકે)ની પ્રતિષ્ઠિત ઓળખ ગુમાવશે કે શું - એવી દહેશત સરજાવા પામી હતી. ઇંગ્લેન્ડ સાથે ૩૦૭ વર્ષનું જોડાણ ધરાવતું સ્કોટલેન્ડ જુદો ચોકો માંડવા તૈયાર થઇ ગયું હોય એવું લાગી રહ્યું હતું. લોકમત લેવામાં આવતાં ૫૪ થી ૫૫ ટકા સ્કોટિસ નાગરિકોએ ઇંગ્લેન્ડ સાથે રહેવામાં જ સ્કોટલેન્ડનું શ્રેય હોવાની વડાપ્રધાન કેમરાનની અપીલ સ્વીકારી છે. સ્કોટિક પાર્ટીએ ૪૫ થી ૪૬ ટકા લોકોનું જ સમર્થન સાંપડતાં હવે સ્કોટલેન્ડ અલગ પડશે નહીં, તે નક્કી થઇ ગયું છે. ઇંગ્લેન્ડના ઇતિહાસમાં આ અત્યંત મહત્ત્વની ઘટના ગણાય. સ્કોટલેન્ડ વિશ્વના સુંદરત્તમ પ્રદેશોમાંનો એક છે. આ રમણીય પ્રદેશને આપણે આપણા કાશ્મીર સાથે સરખાવી શકીએ. જેમ કાશ્મીરમાં લોકમત લેવાય અને ન કરે નારાયણ - તે ભારતથી અલગ થવાની આત્મઘાતી પ્રવૃત્તિ તરફ દોરવાઇ જાય તો એથી નુકશાન ઉભય પક્ષે થાય. ભારત અને કાશ્મીર - વચ્ચેનું જોડાણ અફર હોવાથી આવી સંભાવના નહીંવત જ છે, પરંતુ ધારો કે એવા સંજોગ સમજાય અને પછી તાજેતરમાં આવી એવી કુદરતી આફત આવી પડે તો કાશ્મીરનું કોણ રણીધણી થાય? સ્કોટલેન્ડની પ્રજાએ એમના અલગતાવાદી નેતાને સંયમમાં રહેવાનો સંકેત આપીને ડહાપણભર્યું પગલું ભર્યું છે. સંગઠનમાં જ શક્તિ છે, વેરવિખેર થઇ જવાથી તો તાકાત તૂટી જાય. બૂંદ સે ગઇ સો હોજ સે નહીં આતી - એ કહેવત અમથી નથી પડી. સ્કોટલેન્ડનો નિર્ણય વિશ્વનાં નાનાં રાજયો માટે પ્રેરણારૂપ નીવડશે એમાં શંકાને સ્થાન નથી.

## મેવા દ્વારા બારમો ઈનામ વિતરણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન (મેવા) ગાંધીનગરનો બારમો ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવશે.

જનાબ અબરારઅલી એસ. સૈયદ, પ્રમુખ સરખેજ રોજા કમિટીના પ્રમુખપદે તા. ૨૮ સપ્ટેમ્બર બપોરે ૨.૩૦ વાગે સેકટર-૨૩ કડી કેમ્પસમાં આવેલ બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલમાં ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવનાર છે. જેમાં મુખ્ય મહેમાન પદે જનાબ રીઝવાન કાદરી, અતિથિ વિશેષ પદે ડૉ. વાસુદેવ રાવલ અને જનાબ ઈમામખાન પઠાણ ઉપસ્થિત રહેશે.

મેવા ગાંધીનગર દ્વારા બારમો ઈનામ વિતરણ સમારોહ યોજાનાર છે. જેમાં વર્ષ ૨૦૧૪માં લેવાયેલ ધોરણ-૧૦ અને ૧૨ તેમજ ઉચ્ચ શિક્ષણમાં શ્રેષ્ઠ ટકાવારી સાથે પાસ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. આ સમારોહમાં ચાલુ વર્ષે ધોરણ-૫ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



કડિ સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ કોમર્સ કોલેજ ખાતે થેલેસીમીયા પરીક્ષણ કાર્યક્રમ યોજાઈ ગયો. તેમાં ૩૮૧ વિદ્યાર્થીઓને લોહીની તપાસ કરવામાં આવી. પ્રોફેસર રણછોડ રથવી અને સુકેતુ મહેતાએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

## પાઠ્યપુસ્તકોમાં અચાનક જ ફેરફાર કરવાથી ભારે વિવાદ

અમદાવાદ, તા. ૨૨

વિવાદોના પર્યાય બની ગયેલ ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ ફરી એકવાર વિવાદોમાં ઘેરાયુંછે. આ વખતે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ ધોરણ ૬, ૭ અને ૮ના બીજા સેમેસ્ટરના ગુજરાતી તેમજ અંગ્રેજીના પાઠ્યપુસ્તકોને લઈ સર્જાયો છે. પાઠ્યપુસ્તક મંડળે કોઈપણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના અચાનક પાઠ્યપુસ્તકો બદલી નાખતા વિવાદ સર્જાયોછે. જેમાં ગુજરાતી પાઠ્યપુસ્તકમાં તો એકથી બે પ્રકરણ બદલવામાં આવ્યા છે જ્યારે અંગ્રેજી વિષયનું તો આખું પાઠ્યપુસ્તક જ બદલી દેવામાં આવ્યું છે. જેના કારણે સ્ટેશનર્સ તેમજ ખાસ કરીને વિદ્યાર્થીઓ મુશ્કેલ ભરી સ્થિતિમાં મુકાઈ ગયા છે.

ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ વિષે અત્યારે એવી કહેવત પ્રચલિત બની છે કે પાઠ્યપુસ્તક મંડળ કોઈ નિર્ણય લે અને જો વિવાદ ન સર્જાય તો નવાઈ કહેવાય ત્યારે આ કહેવતને સાચી ઠેરવતા ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળે વધુ એક વિવાદને જન્મ આપ્યો છે. મંડળે આગોતરી જાણ કર્યા વગર જ ધોરણ ૬, ૭ અને ૮ના અંગ્રેજી તેમજ ગુજરાતી વિષયના અભ્યાસક્રમમાં બદલાવ કરી દેતા વિવાદ સર્જાર્યો છે. સામાન્ય રીતે નિયમ મુજબ કોઈપણ વિષયના અભ્યાસક્રમમાં ફેરબદલ કરવા માટે છ માસ અગાઉ અખબારી યાદી પ્રસિદ્ધ કરવી પડે છે જેથી સ્ટેશનર્સ અને વિદ્યાર્થીઓ તેની અગાઉ તૈયારીઓ કરી શકે પરંતુ પાઠ્યપુસ્તક મંડળ આ વખતે આ નિયમોને અનુસર્યું ન હોવાનો આક્ષેપ સ્ટેશનર્સ કરી રહ્યા છે. કાર્યવાહક ચેરમેન નિતીન પેથાણીએ આ અંગે જણાવ્યું હતું કે ધોરણ ૬, ૭ અને ૮ના અંગ્રેજી કોર્ષ બદલવામાં આવ્યો છે તથા ગુજરાતીનાં કેટલાક પાઠ બદલવામાં આવ્યો છે. આ ઉપરાંત અંગ્રેજી માધ્યમમાં સોશિયલ સાયન્સના પાઠ્યપુસ્તકને નવું રૂપ આપવામાં આવ્યુંછે પાઠમાં નાની-મોટી ભુલો હતી તે પણ સુધારવામાં આવી છે.

## પચાસ તલાટી-કમ મંત્રીને પશુ સુધારણા અંગેની તાલીમ અપાઈ



ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય સરકાર પશુપાલન ક્ષેત્રને પ્રાધાન્ય આપી રહી છે. રાજ્યનો છેવાડાનો માનવી પશુપાલનનો વ્યવસાય કરી પગભર થઈ શકે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સાદરાના ગૌ સંવર્ધન કેન્દ્રમાં ૫૦ તલાટી કમ મંત્રીઓને તાલીમ આપવામાં આવી હતી.

જિલ્લાના સાદરા વિદ્યાપીઠમાં આવેલ ગૌસંવર્ધન કેન્દ્રમાં પચાસ તલાટી કમ મંત્રીઓને પ્રાધ્યાપક રમેશભાઈએ પશુસુધારણા અંગેની તાલીમ આપી હતી. જેમાં તલાટીઓને પશુ આહાર, પશુ સંવર્ધન, પશુમાવજત હોય તોજ પશુ સુધારણા કરી શકાય છે તેમ જણાવ્યું હતું.

પશુ સુધારણા દ્વારા પશુનું યોગ્ય માવજત કેવી રીતે કરાય અને તેના માટે કેવા પગલા લેવા જોઈએ તે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જણાવવામાં આવ્યું હતું. જેમાં તલાટીઓને આ માહિતી પોતાના ગામમાં પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને આપવા પણ કહ્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન ભરત પટેલ અને આભારવિધિ ગાયત્રીબેને કરી હતી.

### નેશનલ સ્પર્ધા માટે પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૨૨

ચૌધરી કોલેજ એન.સી.સી. યુનિટના કેડેટસે નેશનલ લેવલની એથ્લેટિક્સ સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. સ્પર્ધામાં રમીલા શાહુ ૧૦૦ મી. દોડ, ૧૦૦ મી. રીલે દોડ, લાંબીકૂદ હંસા ચૌધરી - ઊંચી કૂદ અને જ્યોત્સના ચૌધરી લાંબી અને ઊંચી કૂદ સ્પર્ધામાં ભાગ લેવા દિલ્હી ખાતે જશે. કોલેજના ત્રણ કેડેટ્સની પસંદગી થવાથી કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

### જિલ્લા કક્ષાના પ્રદર્શનમાં કૃતિ રજુ થશે

ગાંધીનગર, તા. ૨૨

પાટનગરમાં શહેર કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ કૃતિ રજુ કરી હતી. જેમાં આ કૃતિ જિલ્લા કક્ષાના પ્રદર્શન માટે પસંદગી પામી છે. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પૃથ્વીના પ્રદુષણને લીધે થતા ભયાનક રોગોનું મોડલ રજુ કરવામાં આવ્યું હતું.

### સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન

ગાંધીનગર, તા. ૨૨

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા આયોજિત જીવનસાથી પસંદગી સંમેલન તા. ૨૩મી નવેમ્બરના રોજ ટાઉનહોલ ગાંધીનગરમાં યોજાશે. જીવન સાથી પસંદગી માટેના ફોર્મ તા. ૧૦મી ઓકટોબર સુધી સ્વીકારાશે. અને પુસ્તકમાં સમાવેશ કરાશે. ત્યાર પછીના બ્રહ્મસમાજ કાર્યાલયમાં જમા કરાયેલ ફોર્મ પુસ્તકમાં સમાવાશે નહિ આ અંગેની માહિતી માટે મોબાઈલ નં. ૯૩૨૮૨૦૮૫૭૨નો સંપર્ક સાધવા જણાવેલ છે.

## હરિની દૃષ્ટિ...




નવરાત્રિ પતે ત્યાં સુધી આપણો પ્રેમ ડીકલેર ન થઇ જાય તે ધ્યાન રાખજે નહી તો, લોકો તેને લવ-જેહાદમાં ખપાવી દેશે...!!

### એન.આઈ.સી.એમ કોલેજમાં અપના અડ્ડાનું આયોજન

જીટીયુ સંલગ્ન શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ ગાંધીનગરમાં એમબીએના વિદ્યાર્થીઓ દ્વારા 'જીવનમાં શેનું મુલ્યાંકન વધારે અનુભવ કે શૈક્ષણિક લાયકાત'ના મુદ્દા ઉપર વિદ્યાર્થીઓ દ્વારા અર્થસભર ચર્ચાઓ અને વિવેચન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા અપના અડ્ડાના પરીક્ષકો દ્વારા પોતાના અનુભવની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાકીય વડા શ્રી ડૉ. એસ.ઓ. જુનારેના માર્ગદર્શન હેઠળ અને પ્રો. ઉર્વી અમીનના કોર્ડીનેશન અંતર્ગત સફળતાપૂર્વક આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે માટે કાર્યક્રમનું આયોજન

દેશના ટોચના કોમ્યુનિકેશન ઈન્સ્ટિટ્યુટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ બ્રિજીંગ હેલ્પ કોમ્યુનિકેશન ગેપ્સની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોગ્રામ તા. ૧૪ થી ૧૬ ઓક્ટોબર ૨૦૧૪ દરમિયાન આયોજન કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશની ટોચની કોમ્યુનિકેશન સ્ટડી ઈન્સ્ટિટ્યુટ માઈકા દ્વારા વિદ્યાર્થીઓને વધુમાં વધુ સારૂ માર્ગદર્શન મળી રહે તે માટે સતત નવા પ્રયોગ કરવામાં આવતા હોય છે. જે અંતર્ગત માઈકાએ ત્રણ દિવસના રેસીડેન્શીયલ મેનેજમેન્ટ ડેવલપમેનટ પ્રોગ્રામ બ્રિજીંગ હેલ્પ કોમ્યુનિકેશનની શરૂઆત કરવામાં આવી છે. અરવિંદ મહેતાના નેતૃત્વમાં શરૂ કરવામાં આવેલ આ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામનો મુખ્ય હેતુ સરકારી ખાતાઓ, એનજીઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના હેલ્પ પ્રોગ્રામમ્સમાં કામ કરી રહેલ સિનિયર અને મિડલ લેવલના ઓફીસરોને આવરી લેવાનો છે. આ ઉપરાંત આ મેનેજમેન્ટ ડેવલપમેનટ પ્રોગ્રામ ઉદ્યોગગૃહો, કોમ્યુનિકેશન એજન્સીઓ વગેરે માટે પણ ઉપયોગ સાબીત થાય તે માટે તૈયાર કરવામાં આવ્યો છે. આ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લેનાર લોકોને થિયરી અને ફિલ્ડ એમ બંને પ્રકારનું જ્ઞાન હેલ્પ કોમ્યુનિકેશન મેનેજમેન્ટ સ્કીલમાં સુધારો આવે આ પ્રોગ્રામ સિચ્યએશન એનાલીસીસ, કેસ સ્ટડી, સ્ટ્રેટજી પરનું ડિસ્કશન, હેલ્થ કોમ્યુનિકેશન મેનેજમેન્ટનું આયોજન વગેરેને આવરી લેવાયા છે. આ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે ભારતીય નાગરીકોએ રૂા. ૩૦,૦૦૦ અને બિનભારતીય વ્યક્તિઓ માટે ૧૨૫૦ યુએસ ડોલર ફી રાખવામાં આવી છે.

## જ્ઞાનકુંભ
- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં આઈ.ઓ.સી.ના નવા અધ્યક્ષ થોમસ બાક કોના અનુગામી બન્યા ?
→ **જેક્સ રોગે**
૨. ૨૦૧૪માં વિશ્વ બેંકે ભારતના કયા ક્ષેત્રના સુધાર માટે રિપોર્ટ જાહેર કર્યો હતો?
→ **ઉર્જા ક્ષેત્ર**
૩. ૨૦૧૩ની ૯મી એશિયા કપ હોકીમાં કયા દેશનો વિજય થયો હતો ?
→ **દક્ષિણ કોરિયા**
૪. ૨૦૧૩ની એશિયા કપ હોકીમાં વિજય થયેલી દક્ષિણ કોરિયાની ટીમે કયા દેશને પરાજીત કર્યું હતું ?
→ **ભારત**
૫. ૨૦૧૩ની એશિયા કપ હોકીમાં ભારતીય ટીમનુ નેતૃત્વ કોને કર્યું હતું ?
→ **સરદાર સિંહ**
૬. ૨૦૧૩માં કયા સ્થળેથી ડાયનાસોરનું જીવાશ્મ મળી આવ્યું હતું ?
→ **ઉટાહ, પશ્ચિમ અમેરિકા**
૭. મિસ વર્લ્ડ-૨૦૧૩ની વિજેતા કોણ છે ?
→ **મેગન યંગ, ફિલીપાઇન્સ**
૮. મિસ વર્લ્ડ ૨૦૧૩ની પ્રતિયોગિતા કયા દેશમાં યોજાઈ હતી ?
→ **ઇન્ડોનેશિયા**
૯. ૨૦૧૩માં યોજાયેલી મિસ વર્લ્ડ કેટલામી પ્રતિયોગીતા છે ?
→ **૬૩મી**
૧૦. ૨૦૧૩માં કયા પુસ્તકનું ૪૦મું વાર્ષિક સંસ્કરણનું વિમોચન કરવામાં આવ્યું હતું ?
→ **'રૂબી જુબલી'**
૧૨. તાજેતરમાં ફોર્બ્સ મેગેઝીન દ્વારા સૌથી વધુ કમાણી કરનાર વ્યક્તિ કોણ બન્યું હતું ?
→ **પોપ ગાયિકા મેડોના**
૧૪. ૨૦૧૩નો ક્ષેત્રિય પ્રવાસી ભારતીય દિવસ કયાં યોજાયો હતો ?
→ **સિડની, ઓસ્ટ્રેલિયા**
૧૫. ૨૦૧૩નો ક્ષેત્રિય પ્રવાસી ભારતીય દિવસ કયારે યોજાયો હતો ?
→ **૧૧ નવેમ્બર**
૧૬. ૨૦૧૩માં ફોર્બ્સ મેગેઝીન દ્વારા બ્રાંડ વેલ્યુ સૂચિમાં કોને પ્રથમ સ્થાન મળ્યું હતું ?
→ **એપલ**
૧૭. ૨૦૧૩માં અમેરિકી વિદેશી મંત્રાલયમાં દક્ષિણ અને મધ્ય એશિયા મામલાના સહાયક વિદેશ મંત્રી તરીકે કોની નિમણૂંક થઈ ?
→ **ભારતીય મૂળના નિશા દેસાઇ બિસ્વાસ**
૧૮. ૨૦૧૩ના વિશ્વ વિજ્ઞાન દિનની ઉજવણીનો વિષય શું હતો ?
→ **'સાયન્સ ફોર વોટર કોઓપરેશન : શેયરિંગ ડેટા નોલેજ એન્ડ ઇનોવેશંસ'**
૧૯. ૨૦૧૩માં હોલીવુડના કયા અભિનેતા કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યા ?
→ **પોલ વોકર**
૨૦. ૨૦૧૩માં ભારતીય સીનિયર મહિલા હોકી ટીમનાં કોચ રોડ એક્સિડેન્ટમાં નિધન પામ્યા તે કોણ છે ?
→ **ઇંદ્રજીતસિંહ ગીલ**

## ગાંધીજીને નવી પેઢી સુધી વધારે અસરકારક રીતે કંઇ રીતે પહોંચાડી શકાય આ બાબતમાં અલગ-અલગ લોકોએ વિભિન્ન પ્રકારના પ્રયાસો કર્યા છે

### વિચારસભા
### ગાંધી દર્શન : રિચાર્ડ એટિનબરોની દૃષ્ટિએ
નેહલ જયદીપ ગઢવી

ગઈ સદીના વિશ્વના શ્રેષ્ઠ પુરૂષ ગુજરાતી હતા એ વાત વિચારતાં જ અપ્રતિમ આનંદ અને ગૌરવની લાગણી થાય છે. દેશમાં તો તેમની પ્રેરણા અને માર્ગદર્શન પ્રમાણે સ્વતંત્રતા મેળવવા માટેની લડાઈ ચાલી પરંતુ, વિશ્વના ઘણા ભાગોમાં પણ તેમનાં જ સિદ્ધાંતો અનુસાર સત્ય અને અહિંસાના માર્ગે સંઘર્ષો થયા. અશ્વેત લોકોને તેમનો હક અને ન્યાય અપાવવા માટે નેલ્સન મંડેલા લડ્યા તેઓનું પ્રેરણાસ્થાન પણ ગાંધીજી! ગાંધીજીને નવી પેઢી સુધી વધારે અસરકારક રીતે કંઈ રીતે પહોંચાડી શકાય આ બાબતમાં અલગ-અલગ લોકોએ વિભિન્ન પ્રકારના પ્રયાસો કર્યા છે. આધુનિક યુગમાં ફિલ્મના માધ્યમથી ગાંધીના જીવનને તથા તેમના કાર્યોને લોકો સુધી પહોંચાડી શકાય આ બાબતમાં સફળ પ્રયોગ પણ થયો. મુન્નાભાઈ એમ.બી.બી.એસ.એ. આ બાબતનું એક સફળ ઉદાહરણ છે. અબાલ-વૃદ્ધ સૌએ આ ફિલ્મ માણી હતી. યુવાન પેઢીમાં તેને વધુ સ્વીકૃતિ મળી. અન્ય એક પ્રયાસ પણ આ બાબતમાં ખૂબ જ નોંધપાત્ર રહ્યો. ગાંધીજીના સચિવ મહાદેવ દેસાઈના પનોતા પુત્ર નારાયણ દેસાઈએ ગાંધી-કથા વાંચવાનું શરૂ કર્યું. નારાયણ દેસાઈની આ ગાંધીકથાનું આયોજન શહેરની જાણીતી અને માનીતી સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા પણ થયું. જેને ખૂબ જ સફળ પ્રતિસાદ પણ સાંપડ્યો. નારાયણ દેસાઈની શૈલીને કારણે દેશ-વિદેશના અનેક સ્થળોએ લોકોને આ કથા માણવાનો સુયોગ પ્રાપ્ત થયો. શાસ્ત્રો અને પુરાણોની કથાઓ પવિત્ર અને પ્રેરણાદાયક છે, આપણા સંસ્કારોમાં વૃદ્ધિ કરનાર પણ છે પરંતુ, આ બધી ઘટનાઓ અંગેનું કોઈ ઠોસ પ્રમાણ નથી. ઉપરાંત, ઘણીવાર આપણો યુવાવર્ગ આ પ્રાચીન કથાઓ પરત્વે ઉપેક્ષાનો ભાવ પણ સેવે છે. ઘણી બધી બાબતો તેઓને તાર્કિક રીતે અસંગત લાગે છે. જયારે ગાંધીજી તો નજીકના ભૂતકાળમાં જ આપણી વચ્ચે હતા. આઈનસ્ટાઈન જેવા મહાન વૈજ્ઞાનિકે તો કહ્યું પણ ખરું, કે ગાંધી જેવું હાડચામનું બનેલું જીવંત વ્યક્તિત્વ આપણી વચ્ચે સદેહે વિહાર કરતું હતું એ વાત ભવિષ્યમાં લોકોના ગળે ઉતારવી મુશ્કેલ બનશે. બાપુ ભલે સદેહે આપણી વચ્ચે ન હોય પરંતુ, તેઓના વિચાર કદી પણ અપ્રસ્તુત કે કાલબાહ્ય થાય તેવા નથી. ગાંધીજીનું જીવન એ બંધિયારપણાની નહિ પરંતુ, રેંટિયાના ચક્રની જેમ સતત જીવંત અને ગતિશીલ છે. જુગતરામ દવેના શબ્દો આ વાતની ફરી ફરી પ્રતીતિ કરાવે છે,

''એનું જીવનકાર્ય અખંડ તપો
અમ વચ્ચે બાપુ અમર રહો!
એના જીવનમંત્ર સમો ચરખો
પ્રભુ ભારતમાં ફરતો જ રહો!''

ગાંધીજીના જીવનમાં ભારતીયોને રસ પડે તે સ્વાભાવિક છે પરંતુ વિદેશીઓને પણ ગાંધીજીવન અને ગાંધીકાર્યોમાં ખૂબ રસ પડે છે. આ કારણસર જોઈએ તો રિચાર્ડ એટિનબરોના 'ગાંધી' ફિલ્મના માધ્યમથી તેઓ વિશ્વના ઘણા ભાગોમાં પહોંચ્યા. જેવી ચોકસાઈ ગાંધીજી દરેક નાની-નાની બાબત માટે રાખતા તેવી જ ચોકસાઈથી રિચાર્ડ એટિનબરોને ગાંધી ફિલ્મનું નિર્માણ કર્યું. વિશ્વના અનેક ભાગના લોકોએ આ ફિલ્મને જોઈ તેમજ વખાણી પણ! ફિલ્મને કારણે ગાંધીજી વિષે જે વિચાર કે ચર્ચાઓ થતી હતી તેને એક નવું બળ મળ્યું. ફિલ્મ પણ ઉત્તમ બની અને અનેક પ્રકારના પ્રશંસાના ઈનામો તેને મળ્યા. ૨૯મી ઓગસ્ટ, ૧૯૨૩માં કેમ્બ્રિજમાં જન્મેલાં રોબર્ટ એટિનબરો ઈંગ્લિશ એકટર, ફિલ્મ ડિરેકટર તેમજ ફિલ્મ પ્રોડ્યુસર અને એન્ટરપ્રેન્યોર હતા. ફિલ્મ ડિરેકટર અને પ્રોડ્યુસર તરીકે બનાવેલી 'ગાંધી' ફિલ્મે તેમને એક સફળ દિગ્દર્શક બનાવી દીધા. ૧૯૮૩માં તેમને બે એકેડમી એવોર્ડ મળ્યા. બ્રિટીશરો ભારત છોડીને ગયા ત્યારબાદ વર્ષો પછી એક અંગ્રેજ અહીં એક સ્વપ્ન લઈને આવ્યો - મહાત્મા ગાંધી વિશે એક ફિલ્મ બનાવવાનું સ્વપ્ન. તેમણે પંડિત જવાહરલાલ નહેરૂ પાસેથી ફિલ્મ બનાવવા માટેની સંમતિ લેવાનો પ્રયાસ કર્યો પણ કોઈ કારણસર એ સમયે અનુમતી ન મળી પણ ત્યારબાદ ઈન્દિરા ગાંધી દ્વારા તેમને એ અનુમતી મળી. 'ગાંધી' ફિલ્મને તેમનું એક **'Passion'** હતું. તેમણે ગાંધીજી વિષેની નાનામાં-નાની બાબત અંગે ખૂબ અભ્યાસ કર્યો હતો. જાણે ગાંધીજીને સમર્પિત થઈ ચૂક્યા હોય તેટલો અહોભાવ ગાંધીજી તરફ તેમનો રહ્યો હતો. ફિલ્મ બનાવવા માટે તેમણે ઘણા વર્ષો સુધી ગાંધીજીના જીવન વિષે બારીકાઈથી અને ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો હતો. ગાંધીજીની જેમ જ તેઓ પણ સમયપાલનના ચુસ્ત આગ્રહી હતા. ગાંધીજીની જેમ જ તેઓ પણ સમયપાલનના ચુસ્ત આગ્રહી હતા.

ફિલ્મના મુખ્ય કલાકારો થિયેટર આર્ટીસ્ટસ અથવા સ્ટેજ એક્ટર્સ હતા. ૧૯૮૦માં 'ગાંધી' ફિલ્મના કલાકારોની પસંદગી માટે લંડન ખાતે સ્કીન ટેસ્ટનું આયોજન થયું. ભક્તિ ભાર્વે, જહોન હર્ટ, સ્મિતા પાટીલ, નસરૂદીન શાહ, બેન કિન્સ્લે અને રોહિણી હટ્ટંગણી આ તમામ દિગ્ગજ કલાકારને બોલાવીને સ્કીન ટેસ્ટ કરાયા બાદ રોહિણી અને બેન કિંગ્સલેની પસંદગી કરવામાં આવી. રિચાર્ડ એટિનબરોએ આ ફિલ્મ માટે લગભગ ૨૦ વર્ષ સુધી ગહન અભ્યાસ કર્યો હતો. તેમણે કલાકારોને પણ પોતાના કેરેક્ટર સારી રીતે પ્રસ્તુત કરવા અંગે પૂરતી છૂટછાટ આપી હતી. કોઈ પણ સમયમર્યાદા વિના દરેક કલાકારને પોતાના પાત્ર સાથે ઓતપ્રોત થવાની અનુકૂળતા કરી આપવામાં આવતી. ઓસ્કાર એવોર્ડ વિજેતા આ ફિલ્મે ફિલ્મ મેકર, ફિલ્મના કલાકારો તેમજ ફિલ્મનો ભાગ બનનાર તમામને અમર બનાવી દીધા. ફિલ્મનું ફિલ્માંકન કરવામાં રિચાર્ડ એટિનબરોની મહેનત, ધગશ અને લગન સ્ક્રીન પર સ્પષ્ટપણે દેખાઈ અને ફિલ્મ જગતે તેની નોંધ પણ લીધી. ૧૯૨૩માં રિચાર્ડ એટિનબરો 'પદ્મ ભૂષણ'ના ખિતાબથી નવાજવામાં આવ્યા. આ ઉપરાંત પણ તેમણે 'જુરાસિક પાર્ક,' 'ધ ગ્રેટ એસ્કેપ', જેવી અનેક સફળ ફિલ્મોનું નિર્માણ કર્યું અને એવોર્ડ્સ પણ મેળવ્યા. ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૪ ના દિવસે તેમના જન્મદિવસના ૪ દિવસ પૂર્વે જ ૯૦ વર્ષની વયે તેઓ અવસાન પામ્યા. તેમને જીવનને ભરપૂર માણ્યું, જીવ્યું. પોતાના ફિલ્મ જગતના પદાર્પણ દ્વારા તેઓ તેમની અદ્ભૂત કૃતિઓ દ્વારા તેઓ હરહંમેશ આપણી વચ્ચે રહેશે જ!

જવાહરલાલ નહેરૂએ કહ્યું તેમ, આજે સંસારમાં ભારત દેશનું એક આગવું સ્થાન છે તેનું સૌથી મહત્ત્વપૂર્ણ કારણ છે આ દેશમાં મહાત્મા ગાંધીજીનું અવતરણ. તેમના કારણે લોકો ભારતને નૈતિક દૃષ્ટિએ ઉચ્ચ માનવા લાગ્યા. ગાંધીજીમાં આશ્ચર્યજનક ગુણો હતા. સંક્ષિપ્તમાં કહીએ તો, ભારતની આ ધરા પર ભગવાનનો એક એવો ફરિસ્તો આવ્યો જેણે પોતાની તપસ્યાથી આ ધરતીને પવિત્ર બનાવી. તેમણે માત્ર હિન્દુસ્તાનની ધરતી જ નહીં, અહીંના લોકોના હૃદયને પણ પવિત્ર બનાવ્યા. ચતુર અને સમજદાર લોકોથી લઈને નમ્ર, દરિદ્ર અને દુઃખી લોકોના હૃદય સુધી પહોંચીને ગાંધીજીએ તેમના અંતરઆત્માને જાગૃત કર્યા. જોવાની ખૂબી તો એ છે કે, એક કમજોર શરીરવાળા નાનકડા સામાન્ય માનવીની આત્મામાં પર્વત સમાન મજબૂતી હતી, જે મોટામાં મોટી તાકાત સામે પણ ઝૂક્યા વિના ઝઝુમતી હતી. તેમનો દેખાવ અત્યંત સામાન્ય હતો, પરંતુ તેમનાં વ્યક્તિત્વમાં રાજા-મહારાજાઓ જેવી શાન હતી, જેની સામં સૌ લોકો સ્વૈચ્છિક રીતે જ ઝૂકી જતાં. તેમની નજર શાંત અને ગહન હતી. તેમનો અવાજ પાણીની જેમ દરેકના હૈયે સરળતાથી પહોંચીને તેનામાં સમાવિષ્ટ થઈ જતો અને સામાન્ય માણસ કોઈ અદમ્ય ભાવનાથી સભર બનીને તેમના ઈશારે ચાલવા પ્રેરાઈ જતો. આવા આ યુગપુરૂષને આપણા શત શત વંદન.